ગાંધીનગર સમાચાર

બળબળતા સૂર્યના તાપમાં પણ ઠાકોરોનો જોમ અને જુસ્સો જળવાયો

કડક દારૂબંધીના કાયદામાં સુધારો કરવા સરકારની ખાતરી

પાટનગરમાં આયોજિત સંમેલનમાં ૨૦-૩૦ હજાર લોકો ઉમટ્યા : સાંજે અલ્પેશ ઠાકોર સિવાયનું પ્રતિનિધિમંડળ આવેદનપત્ર સાથે ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને મળ્યું : વ્યસનમુક્તિ મહાસંમેલનમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા

ગાંધીનગર, તા. ૬

રાજ્યમાં દારૂબંધી કાયદાના કડક અમલ માટે સરકારે આગામી વિધાનસભા સત્રમાં વિધેયક લાવવાની ખાતરી આપતા દિવસભરના આંદોલનનો મોડી સાંજે સુખદ અંત આવ્યો હતો. ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના કન્વીનર અલ્પેશ ઠાકોરે મંચ ઉપરથી સરકારની ખાતરીની જાહેરાત કરતા ઉપસ્થિત જનમેદનીમાં વિજયનો માહોલ છવાયો હતો.

ઓબીસી એકતા મંચ અને ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા દારુબંધીની કડક અમલવારીની માંગને અનુલક્ષી પાટનગરમાં વ્યસન મુકિત મહાસંમેલન યોજાયું હતું. ગાંધીનગરના આંગણે ઠાકોર સેના દ્વારા આયોજીત વ્યસન મુકિત મહાસંમેલનમાં રાજયભરમાંથી હજજારોની સંખ્યામાં કાર્યકરો સ્વંયભુ ઉમટી પડ્યા હતા. ત્યારે આ પ્રસંગે કોંગ્રેસના નેતા બળદેવજી ઠાકોર, જગદીશ ઠાકોર, સી.જે. ચાવડા, દલિત નેતા જીગ્નેશ મેવાણી, પાસના આગેવાનો સહિત દરેક સમાજના આગેવાનો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે હાજર સભાને સંબોધન કરતા ક્ષત્રિય સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોરે સરકાર અને પોલીસ પર આકરા પ્રહારો કર્યા હતા. મંચ પરથી તેઓએ જણાવ્યું હતું કે દારુબંધીના કડક કાયદાની અમલવારી માટે સરકાર દ્વારા હકારાત્મક અભિગમ નહી આવે ત્યાં સુધી મંચ પરથી હટીશું નહી... ત્યારે મોડીસાંજે સરકારે હકારાત્મક અભિગમ દાખવીને તમામ માંગણીઓનો ઓન કેમેરા સ્વીકાર કર્યો હતો. જેમાં આગામી વિધાનસભાના બજેટ સત્રમાં દારુબંધીનો કડક કાયદો તૈયાર કરીને પાલન કરાશે, ગુજરાતમાં ઉદ્યોગો સ્થપાશે તેમાં ૮૦ ટકા ગુજરાતી યુવાનોને રોજગારી સહિત ઠાકોર સમાજ માટે વિશેષ પેકેજનો સમાવેશ થાય છે. સરકારે માંગણીઓનો સ્વીકાર કરતા અલ્પેશ ઠાકોરે મંચ પરથી જાહેરાત કરતા કાર્યકરોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. જયારે કાર્યકરોએ સત્યાગ્રહ છાવણી ખાતે ફટાકડા ફોડીને ઘંટનાદ ની જગ્યાએ વિજયનાદની ઉજવણી કરી હતી. મહાસંમેલન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતા પોલીસ તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

ગુજરાતમાં દારુબંધી માટે કડક કાયદો અને તાત્કાલીક અમલવારી થાય તેમજ વધુ રોજગારીનું નિર્માણ થાય તેવી માંગ સાથે ઓબીસી એકતા મંચના પ્રમુખ અલ્પેશ ઠાકોરે આજે મકકમ મનોબળ સાથે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે મહાસંમેલન યોજી ધામા નાંખ્યા હતા. સભામાં હાજર માનવ મહેરામણને સંબોધન કરતા ક્ષત્રિય ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોરે જણાવ્યું હતું કે રાજયમાં દારુબંધી હોવા છતા છુટથી દારુ મળે છે. દારુના દુષણથી યુવા પેઢી તેમજ કેટલાય પરિવારો બરબાદ થઈ ગયા છે. દારુના પગલે કોઈ માતા-પિતાએ પુત્ર તો વ્હાલસોઈ બહેને પોતાનો ભાઈ ગુમાવવાનો વારો આવ્યો છે. જયારે આ બદીને પગલે મહિલાઓએ પતિ ગુમાવતા પરિવાર પર આભ તુટી પડે છે. રાજયમાં દારુ પીવાથી દરવર્ષે ૧૫૦૦૦ નાગરીકો મૃત્યુને ભેટે છે તે માટે સરકારની નિષ્કાળજી જવાબદાર છે. વધુમાં તેઓએ જણાવ્યું હતુ કે સરકાર બહારની કંપનીઓને હજજારો હેકટર જમીન તેમજ અબજો રૂપીયાની સહાય આપે છે છતા સ્થાનિક નાગરીકોને રોજગારી મળતી નથી. અત્યારે હાલ રાજયમાં ૬૦ લાખ યુવા બેરોજગાર નોકરી માટે ભટકી રહ્યા છે. દારુના અમલવારીના કડક કાયદા અંગે

● અનુસંધાન પાન-૭ પર

મહાસભાની પળેપળની હિલચાલ પોલીસ દ્વારા કેમેરામાં કેદ કરાઈ

ડ્રોન, સીસીટીવી કેમેરા અને વિડીયોગ્રાફરના કેમેરા સતત ફરતા રહ્યા

ગાંધીનગર, તા. ૬

અલ્પેશ ઠાકોરની મહાસભાને પ્રચંડ પ્રતિસાદ મળતા સરકારને પરસેવો છુટી ગયો છે. મહાસભાની પળેપળની હિલચાલ કેમેરામાં કેદ કરવા માટે પોલીસે કેમેરા વાન અને ડ્રોનનો ઉપયોગ પણ કર્યો હતો. તે ઉપરાંત સભાસ્થળની ચારેય તરફ સીસીટીવી કેમેરા લગાડી દીધા હતા. તે ઉપરાંત પોલીસે વિડીયોગ્રાફર પર હેન્ડી કેમ સાથે ફરતા કરી દીધા હતા.

મહાસભામાં કોઈ પણ ગતિવિધીઓ થાય તો તે પુરાવા રૂપે કેમેરામાં કેદ રહે તે માટે પોલીસ પહેલેથી જ સતર્ક રહી હતી. પોતાના વિડીયો ગ્રાફર્સ સભામાં ફરતા કરી દીધા ઉપરાંત ખુણે-ખુણે સીસીટીવી કેમેરા લગાડી દીધા હતા. એરીયલ વિડીયો રેકોર્ડીંગ માટે ડ્રોનનો પણ ઉપયોગ પોલીસે કર્યો હતો. સેટેલાઈટ કેમેરા વાન પણ સભા સ્થળે મુકી દઈ મોનીટરીંગ કરવામાં આવ્યુ હતુ.

વિધાનસભાને ફરતે પોલીસનો લોખંડી પહેરો

અલ્પેશ ઠાકોરે ચિમકી ઉચ્ચારી છે કે સરકાર જો અમારી માંગણીઓનો સ્વિકાર કર્યાની જાહેરાત લેખિત સ્વરૂપે નહી આપે તો મોતને ભેટીશ પણ ઉપવાસ બંધ નહી કરૂ. તે ઉપરાંત તેણે વિધાનસભાનો ઘેરાવો કરવાની ચિમકી ઉચ્ચારતા પોલીસે તકેદારીના ભાગરૂપે લોખંડી પોલીસ પહેરો ગોઠવી દીધો છે. કોંગ્રેસ જે રીતે વિધાનસભામાં ઘુસી જવામાં સફળ રહી હતી તેવી ભુલ ફરી ન થાય તેની કાળજી પોલીસે રાખી છે. અલ્પેશ ઠાકોર આવતીકાલે સોમવારે વિધાનસભાનો ઘેરાવો કરે તેવી શકયતા છે.

પાંચ-પાંચ કિ.મી. સુધી વાહનોના પાર્કીંગ થયા

ઓબીસી, એસ.ટી. એસ.સી. એકતા મંચના અલ્પેશ ઠાકોરે વ્યસનમુક્તિ અને રોજગારી માટે યોજેલી મહાસભા અને ઉપવાસ આંદોલનમાં તમામ જ્ઞાતિ અને સમાજ તથા કોમના લોકો હજજારોની સંખ્યામાં જોડાયા હતા. સભાસ્થળની આજુબાજુના ત્રણ મેદાન વાહનોના પાર્કિંગથી ખિચોખીચ ભરાઈ ગયા ત્યાર બાદ મુખ્ય રસ્તાઓ અને સેકટરોમાં પાર્કીંગ શરૂ થઈ ગયુ હતુ. ચારથી પાંચ કિ.મી. સુધી પાર્કિંગની લાંબી કતારો જોવા મળી હતી. વાવોલ સુધી છેક વાહનો પાર્કીંગ થયેલા જોઈ પોલીસ પણ દંગ રહી ગઈ હતી.

શહેરની ખાણીપીણીની લારીઓ-હોટલો પર કાર્યકરોનો ધસારો

દારુબંધીના કાયદાની કડક અમલવારી માટે શહેરમાં ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા યોજાયેલ વ્યસન મુકિત મહાસંમેલનમાં રાજયભરમાંથી હજજારોની સંખ્યામાં કાર્યરકો હાજર રહ્યા હતા. સભા સ્થળે પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. પરંતુ જમવાની કોઈ જ વ્યવસ્થા ના હોવાથી કાર્યકરો ઘ-૨, ૩ તેમજ આસપાસના વિસ્તારમાં આવેલ ખાણીપીણીની લારીઓ તેમજ હોટલોમાં જમવા માટે પહોંચી ગયા હતા. જેને પગલે મોટાભાગની નાસ્તાની રેકડીઓ તેમજ હોટલો બપોરના ૨ કલાક પછી માલ ન હોવાથી બંધ કરી દેવામાં આવી હતી. છતા પણ કાર્યકરોનો ધસારો જોવા મળ્યો હતો. જયારે કેટલાક કાર્યકરોએ માત્ર વિવિધ નાસ્તાના પડીકા ખાઈને સભા સ્થળે પરત ફરવાનો વારો આવ્યો હતો. શહેરમાં કાર્યરત નાસ્તાની લારી-ગલ્લાવાળાઓ તેમજ હોટલોવાળાઓ બપોરે વહેલા નવરા પડ્યા બાદ સભા સ્થળે આટાફેરા મારીને કેટલાકે સાંજની વધુ માણસો જમે તેવી વ્યવસ્થાની પણ જોગવાઈ કરી દીધી હતી.

ગાંધીનગર, તા. ૬

સેક્ટર-૬ ખાતે આયોજીત ઠાકોર સેનાના વ્યસન મુક્તિ ઝુંબેશમાં વહેલી સવારથી જ મોટી સંખ્યામાં સમર્થકો આવી પહોંચ્યા હતા અને ભારે હેરાન પરેશાન કરનાર બળબળતા તાપમાં પણ સમર્થકો પોતાની જગ્યા છોડીને ક્યાંય નોતા ખસ્યા. જે જોઈ પોલીસનો પરસેવો છુટી ગયો હતો. પોલીસનો અંદાજ હતો કે એકાદ-બે કલાકમાં ભીડ વિખેરાઈ જશે પણ તેમનો આ અંદાજ ખોટો સાબિત થયો હતો. અને જેમ જેમ સાંજ ઢળતી ગઈ તેમ તેમ પોલીસ શુ કરવુ આ ભીડનું તેની મથામણમાં સતત ઉચ્ચ અધિકારીઓના કોન્ટેક્ટમાં હતી.

દારૂબંધીના અમલીકરણને

બેસણું

મારા પૂજ્ય પિતાશ્રી **ધીરૂભાઈ મનજીભાઈ વિરોલીયા**નું દુઃખદ અવસાન તા. ૩/૧૧/૨૦૧૬ના રોજ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૭/૧૧/૨૦૧૬ને સોમવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૦-૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૮૩૯, ગુ.હા. બોર્ડ, સોમેશ્વર સોસાયટી, સેક્ટર-૨૭, ગાંધીનગર. મો. ૯૭૫૫૫ ૯૩૯૬૦

લિ.
કિર્તીભાઈ ધીરૂભાઈ વિરોલીયા
તથા બહેનો અને કુટુંબીજનો

બેસણું

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **વિનોદચંદ્ર ચુનીલાલ ભટ્ટ** નું તા.૨૯-૧૦-૨૦૧૬ ને શનિવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યું તે ખરૂ. **સદ્‌ગતનું બેસણું તા.૭-૧૧-૨૦૧૬ ને સોમવાર**ના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૩૦૧, શ્રેયસ સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર.

ગં.સ્વ.પદમાબેન વિનોદચંદ્ર ભટ્ટ
પ્રકાશ વિનોદચંદ્ર ભટ્ટ (પુત્ર)
અજીત વિનોદચંદ્ર ભટ્ટ (પુત્ર)
ભવ્ય પ્રકાશભાઈ ભટ્ટ (પૌત્ર)
સ્વ.ચુનીલાલ દામોદરદાસ ભટ્ટ (વાવોલવાળા) પરિવાર

લિ.
પ્રદિપભાઈ ચુનીલાલ ભટ્ટ (ભાઈ)
સ્વ.જગામોહનભાઈ ચુનીલાલ ભટ્ટ (ભાઈ)
કુન્દનભાઈ ચુનીલાલ ભટ્ટ (ભાઈ)
રાજેશ એસ. પંચોલી (જમાઈ)
(એમ.ડી.ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી)
દેવેન્દ્ર કે. જાની (જમાઈ)

નોંધ : પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે સમયે રાખેલ છે.

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અમી
રંગવાલા
ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર
પીલર, બેનર્સ...
અમી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત
વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com